


ગોવર્ધન માલા.

ગોમાતાનું મહાત્મ્ય



माता रुद्राणां दुहिता वसूनां स्वसादित्यानाममृतस्य नाभिः ।
मनुवोचं चिकितुषे जनाय मागामना गामदितिं वधिष्ठ ॥

—ऋ० सं० अष्ट० ६

ગોમાતા એ રૂદ્રની માતા છે તથા અષ્ટ વસુની કન્યા છે તથા અદીત્ય-ઓની ભગીની છે એવી અમૃતોની ખાણ ગોમાતા તેનો વધ કરી ઇંદ્ર લોકના સુખોને કેમ મુકો છો? માટે ગોમાતાનું રક્ષણ કરો એવી વીનંતી છે.

જય ગોપાલ કૃષ્ણ ચંદ્રની જય

गवामंगेषु तिष्ठंति भुवनानि चतुर्दश ।
यस्मात्तस्माच्छिवं मे स्यादिहलोके परत्र च ॥ १ ॥

—काशीखंड पू० अ० २.

ભાવાર્થ

ગોમાતાના શરીરમાં ૭ સ્વર્ગલોક અને ૭ પાતાળ લોક વાસ કરે છે. આ સર્વ બ્રહ્માંડની માતા ગાય છે અને પીતા બળદ છે. એ માટે દેવ મનુષ્યાદી સર્વ લોકોએ એ એની પ્રિતીથી પુજા કરી એમને સુખી રાખવા એજ બધાનો ખરો ધર્મ છે. માટે ગોમાતાના સેવાથી મારૂં ઇહ લોકમાં અને પરલોકમાં કલ્યાણ થાવો.

ગોપ્રદાન કરતી વખતે આ શ્લોક બોલવાનો પરિપાઠ છે. આ શ્લોક કલ્પીત લખેલો નથી. શ્રુતી, સ્મૃતી, શાસ્ત્ર, પુરાણ વીગેરેના આધારથી મહર્ષી વ્યાસજીનો સિધ્ધાંત છે. રવી કુલગુરૂ વસીષ્ઠ ઋષી પોતે ગોમાતાનો અધીકાર જાણી ગોમાતાની સેવા કરતા હતા એટલુંજ નહી પરંતુ સાર્વભૌમ દીલીપ રાજા પાસેથી ગોમાતાની સેવા કરાવી ગોમાતાની કૃપાનો લાભ મેળવી આપ્યો. પ્રત્યક્ષ ભગવાન પરમાત્માએ ગોમાતાનું રક્ષણ કરવા સારૂ વખતો વખત અવતાર ધારણ કરયા હતા. અને શ્રીકૃષ્ણ અવતારમાં બધું બાળપણ ગોમાતાનીજ સેવામાં ગાળયું હતું. માટે તેનું રક્ષણ કરવું નહી એ શાસ્ત્રના નિયમો વિરૂધ્ધ છે. વેદની ઊત્પત્તીથી જે ગોમાતા સનાતન ધર્મનું જીવન થઇ રહી છે અને જે ગોમાતાના આધાર ઊપર આપણું ઇહલોક તથા પરલોકનું સુખ છે તે ગોમાતાનું મહાત્મ્ય વર્ણન કરવું અશક્ય છે. ધર્મ કૃત્યમાં એની બહુજ અવશ્યકતા છે, અને પ્રાતઃકાળે ઊઠીને પેહેલે ગો માતાનું દર્શન કરવું એવી શાસ્ત્રાજ્ઞા છે. શિવાય આપણું અન્નવસ્ત્ર, વેપાર, વૈભવ વીગેરે ગોમાતાનાજ આધાર ઊપર છે. કારણ ગાઇઓની સંખ્યા ઓછી થાય તો બળદની પણ સંખ્યા ઓછી થાય અને તેથી ખેતીની પણ ઊપજ ઓછી થાય માટે ગો માતાનું રક્ષણ કરવું એજ પેહેલું કર્તવ્ય કર્મ છે.

વ્યવહાર દ્રીષ્ટીથી ગોરક્ષણ કરવું એ બધાં ધર્મના લોકોનું કર્તવ્ય કર્મ છે તે ખાસ હીંદુ લોકોનુંજ નથી. કારણ મુંગા પ્રાણીઓ ઉપર દયા કરવી એવું દરેક ધર્મ શાસ્ત્રમાં લખેલું છે. અને જે મુંગું જાનવર આપણા અન્ન, વસ્ત્ર, વૈભવનું મુખ્ય સાધન ગોમાતા કે જેનાથી આપણને બધું સુખ મળે છે તેનું ભુતદયા દ્રીષ્ટીથી સર્વ ધર્મના લોકોએ રક્ષણ કરવું એજ શ્રેષ્ઠ કર્તવ્ય છે.

પણ હાલ જ્યાં ત્યાં ગોરક્ષણ વીશે બીલકુલ દુર્લક્ષ થયું છે તેથી ખેતી વાડીના મુખ્ય સાધનો જે બળદ કે જેની ઉત્પત્તીનું સ્થાન ગોમાતાજ છે તેનો યોગ્યતા તથા તેની દરેક ધર્મના લોકોને કેટલી જરૂર છે તે વીશે પુસ્તકદ્વારા લખી લોકોને જાહાર કરવું એવી ઇચ્છાથી આ પુસ્તક બધા ધર્મના લોકોને લેવા સુલભ થાય એવી ઓછી કીંમત રાખી છે.

આગળ જેમ ધર્મની બાબતમાં રાજાઓ જુલમ કરતા હતાં તેમ હાલ નથી. કારણ પરમ પુજ્ય સાર્વભૌમ દયાળુ ઇંગ્રેજ સરકારની રાજ્યમાં પોતપોતાનાં ધર્મ પ્રમાણે વર્તવા તથા આપણાં ધર્મ શાસ્ત્રના નિયમો પાળવા વીશે બીલકુલ અટકાવ નથી એ વીશે આપણાં પરમ પુજ્ય દયાળુ સાર્વભૌમ ઇંગ્રેજ સરકારનો જેટલો ઊપકાર માનવો તેટલો થોડોજ છે. અને દરેક ધર્મના લોકોએ પરમેશ્વર પાસે એક દીલથી હાથ જોડી વીનંતી કરવી જોઇએ કે હે પરમેશ્વર આવા પરમ પુજ્ય દયાળુ ઇંગ્રેજ સરકારના છત્રના નીચે હમુને ચીરકાલ રાખજો.

શ્રી ગોમાતાકી જય.

દોહા

ધન દેકે તન રાખીએ, તનદે રાખીએ લાજ
ધનદે તનદે લાજદે એક ધરમકે કાજ (કબીર)

પોતાના ધરમને ખાતર તન, ધન, લાજ અર્પણ કરી જે સ્વધર્મની આજ્ઞા પાળે છે અને પોતાનું કર્તવ્ય કર્મ શું છે તે જાણે છે તેજ આ લોક તથા પરલોકમાં સુખી થાય છે. હવે આપણું એટલે પ્રત્યેક ધર્મના મનુષ્યનું પેહેલું કર્તવ્ય કર્મ શું છે તે જાણવું જોઇએ. પ્રત્યેક ધર્મના લોકોનું સર્વે સુખોનું મુખ્ય સાધન કે જેનાથી બાળક જનમતાંજ એના જીવનની મુખ્ય અને પેહેલી ચીજ જે દુધ તે જેના પાશેથી મળે છે તેજ મુખ્ય સુખનું સાધન સર્વેની જગત માતા ગોમાતાજ છે. આપણી આખી જીંદગાની સુધી જેનું અમૃતતુલ્ય દુધ આપણું મુખ્ય જીવન છે

તથા સર્વ સુખો જેના કષ્ટથી મળે છે જેવા કે ધાન્ય, કંદ, કપડાં વોગેરે જેના પુત્રના મેહેનત વગર તઇઆર થતા નથી એવા સર્વ સુખોનું મુખ્ય સાધન જે ગોમાતા તેને સર્વ ધર્મના લોકોએ આપણી જન્મ આપનારી મા કરતાં વધારે સુખ આપવું તથા તેની સેવા કરવી તથા તેને કોઇ પણ રીતે થતું દુઃખનું નીવારણ કરવું એજ પેહેલું કર્તવ્ય કર્મ છે અને તેજ ઇશ્વર પ્રાપ્તી કરવાનું મુખ્ય સાધન છે તે કોઈ પણ જાણતાં નથી અને ઊલટું એને દુઃખ આપે છે કે જેથી તે બીચારી ગરીબ અને નીરાશ્રીત ગોમાતા જે જગત માતા છે તે રૂદન કરી કરૂણા વાણીથી દુઃખનું નીવેદન કરે છે.

॥ ગોમાતાની વીનંતિ ॥

હે હીંદુજન તથા ભારતવાસીઓ મારા પુત્રો મારી વીનંતી એ છે કે આપણી જગત માતાનું રક્ષણ કરો હીંસક લોકો મને દુઃખ આપે છે તથા મારો ગળો કાપી મારો જીવ લે છે હું તમુને દુધ ઘી વીગેરે પૈષ્ટિક રસ આપું છું તથા મારો પુત્ર બળદ ધાન્ય, કંદ, વસ્ત્ર વીગેરે સર્વ સુખોની વસ્તુઓને પકવે છે અને સર્વ સુખો આપે છે. એટલુંજ નહી પણ હળ, ગાડી તથા માલ વરસાદમાં ને ટાઢમાં રાત દહાડો ભાર લઈ કાંટા ખાડામાંથી ખેંચી લઈ જાય છે. હમો હમારૂં પોષણ ઇશ્વર નીર્મીત ઘાસ તથા જળ ઉપરજ કરીએ છીએ અને પોષણ સારૂં કોઇનેપણ મેહેનત કરવી પડતી નથી એટલુંજ નહી પણ હમે મરીગયા પછી તમારા પગનો કાંટા કાંકરા વીગેરેથી બચાવ કરવામાટે હમારૂં ચામડું પગરખાં કરવા ઉપયોગી પડે છે. બીજું હમારૂં મળ મુત્ર પણ ખેતીવાડી સારૂં એક અતીશય ઉપયોગી ખાતર થઇ પડે છે. એવા હમે તમારા સર્વ સુખોનું મુખ્ય સાધનરૂપ થયા છતાં હીંસક લોક હમુને વાઘની પેઠે કેમ ખાય છે અને હમુને દુઃખ કેમ આપે છે માટે કોઇપણ હમારા રક્ષક થશો કે ? તમારા મનમાં દયા આવશે કે ? તમે હમારી વીનંતી સાંભળશો કે ? એવો કોઈ દયાળુ તથા સત્પુરૂષ હશે કે ? કે જે હમારો બચાવ કરશે અને હમોને થતું અતીશય દુઃખનું પરીહાર કરશે એવું હમે વારંવાર

પ્રાર્થિએ છીએ. અરે ઓ પવિત્ર હીંદુ ધરમના મારા પુત્રો હું તમુને વારંવાર વીનંતી કરૂં છું છતાં તમુને તમારી જગત માતા જે ગાઈ તેની બીલકુલ દયા આવતી નથી અને તમે તમારા પવિત્ર ધર્મનું રક્ષણ કરતા નથી માટે એવા જે અધર્મીઓ જેની આપણા ધર્મની મુખ્ય દેવતા ગોમાતા તેનું રક્ષણ કરવા ઈચ્છીતા નથી અને પોતે પોતાના પૈસા ક્ષણીક સુખ જેવું કે નાચ તમાશા નાટકો તથા બીજા એવાજ ક્ષણીક સુખો સારૂં હજારો રૂપીઆ ખરચ કરવા પોતાને ધન્ય માને છે તેઓને ધીઃકાર છે કારણ તમારા ધર્મ ઊપર તમારી શ્રધા નથી અને જે પરધર્મીઓ છે તે જગત માતા ઊપર શ્રધા રાખી પોતાનું કર્તવ્ય કર્મ બજાવે છે.

શ્રીક્ષેત્ર વાંઇગામનો રહેવાસી હરી ભક્તી પરાયણ બાળકૃષ્ણ માર્તંડ ચોંડે બુવાએ જબલપુરમાં જે ગોશાળા સ્થાપી છે ત્યાંજ એવો પરધર્મી ગોસેવક મુનશી નુરમહંમદ ફકીર જે જાતનો મુસલમાન છે અને તે પોતે હીંદુલોકોને તથા મુસલમાન લોકોને ગાઇઓની સેવા કરવા તથા તેનું રક્ષણ કરવા ઊપદેશ કરે છે અને ખરા અંતકરણથી ગાઇઓની સેવા કરે છે તેણેજ આપણા હીંદુ ધર્મના શાસ્ત્રના આધારથી ગોમાતાની સેવાનું મહાત્મ્ય વર્ણન કરયું છે તે નીચે મુજબ.

મુનશી નુરમહંમદ ફકીરે કરેલું ગોમાહાત્મ્યનું વર્ણન.

પરોપકારધર્મની ઊન્નતી અને ભારતદેશની ઊન્નતી એક જગત માતા જે ગાય તેની સેવાજ છે.

(૧) આ ભરતખંડ એટલે હીંદુસ્થાનમાં કેવા કેવા ધર્માત્મા રાજાઓ જેવા કે મહારાજ દીલીપ, રાજા વીરાટ, નૃપેન્દ્ર માન્ધાતા, યુધીષ્ટીર વીગેરે થઈ ગયા જેઓએ પોતાનું તન મન ધન ગોમાતાની સેવા તથા તેનું રક્ષણ કરવા અર્પણ કરયું જેના નામો આજ સુધી પૃથ્વી ઊપર અમર થઈ રહ્યા છે.

(૨) ક્ષત્રીય કુલ ભુષણ શ્રી વીશ્વામીત્ર રાજા પોતાની સેના સહીત ઋષી-રાજ વસીષ્ઠજીની એક ગાયના પ્રતાપથી જંગલમાં નાસી ગયો એટલે હારી ગયો.

(૩) શ્રીકૃષ્ણ ભગવાન ગાઇની સેવા તથા તેનું રક્ષણ કરી "ગોપાલ" બની ગયા.

(૪) આપણા ધર્મના મહારાજા જનકને પણ ગોમાતાને ઘાશ ખાવાને અટકાવ કરવાથી નરકનું દર્શન કરવું પડયું.

(૫) પદમ પુરાણમાં વ્યાસજી મુની મહારાજ કહે છે કે ગોમાતાની પેટમાં બ્રમ્હા અને ગળાંમાં શ્રી વીશનુ, મુખમાં શ્રી મહાદેવજી મધ્ય-ભાગમાં સર્વદેવતાઓ, રોમ રોમમાં સર્વ ઋષીમુની, પુંછડામાં નાગદેવ, ખુરોમાં સૃષ્ટી પર્વત, મુત્રમાં ગંગાજી, આંખોમાં સુર્ય તથા ચંદ્રમા રહે છે. એ સબબથી કોઇપણ માંદગી ભોગવે ત્યારે એનું હીત પુણ્ય અથવા દાન કરવામાંજ છે અને તે દાન આપણી શ્રધ્ધાનુસાર ગોમાતાને ચારો આપવો તથા તેની સેવા કરવી એજ છે અને તેથીજ સર્વ મનકામના સફલ થાય છે કારણ કે સર્વ દેવતાઓ એના અંગમાં તથા સર્વ તીર્થો એના ચરણમાં વાસ કરે છે.

(૬) આદીત્ય પુરાણમાં લખેલું છે કે ગાઈદાન કરવું એ શ્રેષ્ઠ પુણ્ય છે અને જ્યારે કોઇપણ ખરા અંતઃકરણથી ગાઇદાન કરવાની ઇચ્છા કરે છે ત્યારે એના કરેલા પાપોનું ક્ષાલન થાય છે જે પ્રમાણે અગ્ની નારાયણ લાકડાને બાળી ભસ્મ કરે છે તે પ્રમાણે એના પુર્વ પાપનું ભસ્મ થાય છે અને જન્મ જન્માંતરીના પાપનું ભસ્મ થઇ કરોડો વરસ સુધી વૈકુંઠનું સુખ મળે છે.

(૭) ભવીષ્યપુરાણમાં કેહેલું છે કે તીર્થ સ્નાન, તીર્થ યાત્રા, બ્રામ્હણ ભોજન અથવા સોનું તથા ચાંદી તથા પૃથ્વીદાન કરવાથી તથા જપ, તપ, વ્રતો તથા સાચું બોલવું તથા યજ્ઞ કરવાથી જે પુણ્ય મળે છે તેટલુંજ પુણ્ય એક ગોમાતાની સેવા કરવાથી મળે છે. માટે જે કોઇ દરરોજ ગોમાતાના ચરણની ધુલનો તીલક કરશે તેને સર્વ તીર્થ સ્થાનનું ફળ મળે છે કારણ કે જ્યાં ગોમાતાને બાંધે છે અને જે જગ્યામાં ગોમાતા બેસે છે તેજ તીર્થનું સ્થાન માન્યું છે તેથી દરેક મનુષ્યે પોતાની શક્તીનુસાર પોતાને ત્યાં ઓછામાં ઓછી બે અથવા ચાર ગાઇઓ પાળો એની સેવા કરવી એજ મહત્પુણ્ય છે.

(૮) બ્રમ્હપુરાણમાં પણ લખેલું છે કે કોઇપણ માણશ બેવારસ એટલે જેનો કોઈ પાળનાર રેહેતો નથી એવા ગાઇઓ સારૂં તાડ તથા ધુપ તથા વરસાદના ઋતુઓમાં થતી પીડા નીવારણ કરવાસારૂં ગોશાળા અથવા એવુંજ ગાઇઓને રેહેવાની જગ્યા બાંધી તથા દાણો પાણી આપી ગોમાતાને સુખ આપે છે તેને જવ્હેરાતથી ભરેલી પૃથ્વીનું દાન કરવાનું પુણ્ય મળે છે. માટે દરેક ગામમાં તથા દરેક શેહરમાં ગોશાળા બાંધવાની જરૂરી છે. જો એવું મોટું કામ કરવાની એકલાની શક્તી નહી હોય તો દરેક ગામના મોટા મોટા સેઠ સાહુકારોની મદત લઈ કામ કરવું જરૂરનું છે.

(૯) મહાભારતમાં લખ્યું છે કે પ્રત્યેક મનુષ્યે આપણા પ્રાણનું રક્ષણ કરવું પરંતુ પોતાનો પ્રાણ બચાવવાની પરવા નહી કરતા જે ગાઇનો પ્રાણ બચાવે છે તેજ મોટું પુણ્ય છે.

(૧૦) વિષ્ણુ ધર્મોત્તર પુરાણમાં લખેલું છે કે ગાઈનું પ્રાણ બચાવવાથી એક કલ્પ સુધી સ્વર્ગનું સુખ મળે છે. જે કોઇ માણશ આવા પુણ્યના કામ શીવાય બીજા કામોમાં પઈસા ખરચે છે તેને તથા જે કોઈ કસાઇને ગાય વેચે છે તે એકવીશ પ્રકારના નરકમાં કલ્પ સુધી પડી દુઃખ ભોગવે છે.

(૧૧) મનુ મહારજ લખે છે કે બ્રામ્હણ અને ગોમાતાનો પ્રાણ બચાવવાની તજવીજ કરતા જો આપણો પ્રાણ નીકળી જાય તો કાંઈ હરકત નથી. બ્રમ્હઘાત કરનાર મનુષ્ય પ્રાયશ્ચીત્‌થી શુધ્ધ થઇ જાય છે પણ ગૌઘાતી એટલે કસાઇને ગાય વેચનાર પાપમાંથી મુક્ત થતો નથી.

(૧૨) વિષ્ણુ પુરાણ, પદમ પુરાણ, શિવધર્મ સંહીતા, આદીત્ય પુરાણ, ભવીષ્ય પુરાણ અને રામાશ્વમેધમાં લખેલું છે કે. જો મનુષ્ય ગોમાતાના ગળાને ખાજવે તથા એવા ખાવા પીવાનો બંદોબસ્ત કરે છે તથા મીઠું ખવરાવે છે તથા બીજાની ગાયને રોટલી આપે છે તથા વાઘ, શીયાળ વીગેરે હીંસક જાનવરોની ભયમાંથી છુટકારો કરે છે તથા ખાડામાં અથવા ચીખલમાં પડેલી ગાયને કાઢે છે તથા તેને નીત્ય ઘાશ તથા જળ આપે છે તથા તેની સેવા કરે છે અને ડાંસ, ચોંલટ વીગેરે જીવજંતુઓના ત્રાસથી બચાવે છે તેના સર્વ મનોરથ પરીપુર્ણ થઈ સંસારમા રહે છે અને અંતે

"ગોલોક સ્વર્ગમાં લાખો વરસ સુધી સુખ ભોગવે છે તેથીજ એના પુર્વજો પણ એવી આશા કરે છે કે હમારો કોઈ એવો સત્પુત્ર હશે કે જે ગોભક્ત પુત્ર હમુને ગોલોક સ્વર્ગમાં જગા અપાવશે કારણ કે ગોમાતાની સેવાથી મોટાં મોટાં પાપો ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે.

(૧૩) આપણા ધર્મ શાસ્ત્રોમા સહુથી પેહેલું નીત્યકર્મ કરવાની આજ્ઞા એ છે કે ગોમાતાને પેહેલે રોટલી અથવા અન્ન આપી પછી પોતે જમવું એનાથી જે વીરૂધ્ધ ચાલે છે એટલે ગાઇને મારવું તથા ખોટું બોલવું તથા નિર્બળ ગાઇને ખવરાવવું નહી, ઘાસ ચરવા ગાઇઓ ગયેલી હોય તો ત્યાંથી હાંકવી એવા અનેક પાપ કર્મોથી એ પાપી તથા એના પૂર્વજ એના પાપથી નરકમાં જાય છે અને જે ગાઇને કાઠીથી મારે છે એના હાથ યમરાજ કાપી એને નરકમાં નાખે છે.

(૧૪) આપણા સર્વ શાસ્ત્રોમા ગાયની કીંમત અમુલ્ય છે એ વીશે મહાભારતમાં એક વૃતાંત લખેલો છે. ત્રીવેણીના સંગમ ઊપર એક ઋષી જળનો અંદર બેસી તપશ્ચર્યા કરતો હતો ત્યારે એક માછીએ પોતાનું જાળ માછલી મારવા તે જળમાં પસરાવ્યું હતું તેમાં એ ઋષી માછલીઓ સાથે જાળમાં ફસી ગયો અને જ્યારે માછીએ જાળ બહાર કાઢયું ત્યારે માછલીને સાથે ઋષીને પણ જોતાંજ એ માછી ઘબરાઇ ગયો એટલામાં તે ઋષીએ કહયું કે તારે ભય કરવાનું કારણ નથી તું મને રાજા પાશે લઈ જા અને રાજાને ત્યાં મને વેચો તેના બદલામાં તને જે મળે તે તું લેજે. આવું ઋષીએ કહયું તેથી એ માછી ઋષીને રાજા પાશે વેચવા લઈ ગયો. તે ઋષીને રાજાએ જોઇ એના બદલામાં ડરીને એક લાખ રૂપીઆ આપવા કબુલ કર્યું પણ ઋષીએ કહયું કે એ કીંમત મારા કરતા બહુજ ઓછી છે ત્યારે રાજાએ ઋષીના બદલામાં આખું રાજ્ય આપવાનો સંકલ્પ કર્યો તો પણ એ ઋષીએ કહયું કે મારી કીંમતથી ઓછી છે તેથી રાજા લાચાર થઇ વીચારમાં પડ્યો એક તો ઋષીના શાપનું ભય અને બીજું રાજ્ય કરતાં વધારે શું આપવું એ વીચારમાં પડ્યો અને લાચાર થઇ પોતાના ગુરૂજીની સલ્લા લેવા ગયો ત્યારે ગુરૂજીએ વીચાર કરી રાજાને કહયું કે એ ઋષીને બદલામાં એક ગાય આપજો. ત્યારે રાજાએ પેહેલા ઋષીપાશે આવી વીનંતી કરી કે હું આપણા બદલામાં પેહેલાં માછીને એક ગાય આપું છું ત્યારે એ સાંભળી

ઋષી બહુજ પ્રસન્ન થયો અને કહ્યું કે આમારી કીંમતમાં બહુજ છે. સારાંશ એ છે કે ગોમાતાની કીંમત એવા સાત રાજ્યોથી પણ વધારે છે. જ્ઞાની લોકો કેહે છે ગાયની પેટમાં સવામણ સોનું છે એ વાત બીલકુલ સત્ય છે. માટે હે બાંધવો ધર્મને પ્રાણથી વધારે માનવાવાલા અને નિષ્કામ જપ તપ કરી સ્વર્ગની ઇચ્છા ન રાખનારા ઋષીઓ અને દાન-શુર રાજા હરીશ્ચંદ્ર તથા મોરધ્વજ આદી રાજાઓ જેવા વર્તનારા હે આર્યો તથા હીંદુઓ ! જો તમારા અંગમા ભારદ્વાજ, વસીષ્ઠ, વિશ્વામીત્ર અને ચીત્રગુપ્ત વીગેરે ઋષીઓ અથવા શુરવીર રાઠોડ: ચવ્હાણ તથા સૌસંખી અને ગુરૂ ગોવીંદસીંહ વીગેરે શુરવીરોનો થોડો પણ અંશ જાગૃત હોય તો ઊઠો બધા એકદીલ થાઓ અને બધા કજ્યા કંકાશથી છુટા થાઓ અને નક્કામી ખર્ચ બંદ કરો અને ધર્મ શાસ્ત્રનું સાર ગોમાતાનું રક્ષણ કરવાથી ઈહલોક અને પરલોકનો માર્ગ સુધરે છે માટે હીંમત કરી અને કમર બાંધી ગોમાતાનું પ્રાણ બચાવો અને જો તમે એવા દયાળુ અને ન્યાયી સરકારની આશરા હેઠળ રહી નીષ્કાળજી રેહેશો તો પશતાવશો એવો વખત પછી આવશે નહીં અને છેવટે ખાલી હાથ લઇ જશો અને અંતસમય શીવાય ધર્મ અને પરોપકારનો સહાયતાને મુકશો.

(૧૫) શાસ્ત્રનું વચન એ છે કે જે ધન તમે ભેગું કર્યું છે તે મરવા બાદ જમીનમાં અથવા તીજોરીમાં પડી રેહેશે. હાથી, ઘોડા, ગાડી વીગેરે તબેલામાં રેહેશે. તમારી પ્રાણ પ્રીય સ્ત્રી તમારા પ્રેતને પોહોંચાડવા બારણા સુધી આવશે; અને ભાઈબંદ તથા ઇષ્ટમીત્ર સ્મશાન સુધી તમારા પ્રેતસાથે આવી અગ્નીસંસ્કાર પાછા ઘેર આવશે. પરંતુ ધર્મ અનેકરી પરોપકાર જે તમે કરયો હશે તેજ પરલોકમાં તમુને સહાય થશે અને કષ્ટથી બચાવ કરશે. મા, બાપ, પ્રીયકુટુંબી છોકરાઓ, સ્ત્રી, ભાઇબંદ, જાતવાલાઓ, સ્નેહી, વકીલ, બારીસ્ટર, વીગેરે કોઇપણ એને પરલોક મદત કરતા નથી અને આત્મા સાથે રાખેલો સંબંધ છેવટે તોડી નાખે છે.

હે પ્રીય આર્યબંધુઓ યાદ રાખજો કે આપણુ કાળને આધીન ક્યારે થઇશું તે દીવશ નક્કી જાણુતા નથી માટે ધર્મ અને પરોપકાર કરવામાં એક ક્ષણમાત્ર વીલંબ કરવો નહી. આવું નથી કે ઘરમાં અથવા પંચ ભેગા કરી અથવા જ્ઞાતીલાઓને બોલાવી વીચાર કરશું અને પછી ધરમ અથવા પરોપકાર કરશું એવું નથી કારણુ નીતી શાસ્ત્રમાં લખેલું છે કે જ્યારે કોઇપણુ માણુશને વેપાર અથવા રોજગાર કરવો હોય ત્યારે એ અજ્ઞાનથી એમ સમજે છે કે હું મરવાનો નથી હમેશા અમર રેહેવાનો છું. તેથીજ પરોપકાર અથવા ધર્મ કરવાનો ઇરાદો હોય તો પણુ તે તુરતજ કરવા ઢીલ કરે છે પણુ તે વખતે ખાશ ધાનમાં રાખવું કે કાળનો દુત ક્યારે અને કઇ ઠેકાણે આવશે અને મારો પ્રાણુ ખેંચી લઇ જશે ? આંખ મીચવા થોડી વાર લાગે છે પણુ મરણુ આવવા બીલકુલ વખત લાગતો નથી. યમરાજા આગળ બાદશાહા, રાજા, હકીમ, ડાકટર, ગરીબ, અમીર, બ્રામ્હણુ, અંત્યજ, નાના બચ્ચાઓ, વૃધ્ધ, પેહેલવાન, તથા રોગી, તથા નીરોગી બધા સરખાંજ છે એક ઉપર દયા અને બીજા ઉપર ક્રોધ કરે છે એવો દ્વૈતભાવ રાખતો નથી. માટે હે વીચારી બંધુઓ કાળનું ભય રાખજો અને જેવું સર્વ વેદોનું સાર ગીતા છે તેવુંજ સર્વ ધર્મ અને પરોપકારનું સાર ગૌરક્ષા છે માટે પુર્ણુ વીચાર કરી ગૌભક્ત થાઓ. તન, મન, અને ધનનો ફીકર ન રાખતા ગોમાતાની સેવા તથા તેનું રક્ષણુ કરવા કંબર બાંધી તઇયાર થાઓ. શીવાય ગોવધ થવાથી ધર્મનો નાશ થઇ અધર્મ ફેલાયો છે તેથી હીંદુસ્થાનનું કરોડોં રૂપીઆનું નુકશાન થાય છે માટે ગોરક્ષણુ કરવાની બહુજ જરૂરી છે. વીચાર કરો કે પચાશ વરશની પછવાડે ધાન્ય, ઘી, દૂધ વીગેરે જણુશો કેટલી સોંગી હતી અને હાલ ગાઇઓ તથા બળદોની સંખ્યા ઓછી થવાથી તેજ જણુશો હાલ કેટલી મોંઘી વેચાય છે એજ કરોડોં રૂપીઆનું હીંદુસ્થાનનું નુકશાન થાય છે એનો તે વીચાર દીલમાં આવ્યા બરોબર સર્વ અંગે કંપ છુટે છે અને આંખે અંધારો આવે છે. એ શીવાય પઇસાનું તથા જીવનું કેટલું

નુકશાન થાય છે તેનું તો પ્રમાણુ નથી. એશીવાય આપણા ધર્મનું મોટામાં મોટું નુકશાન એજ છે કે જે જગ્યાપર ગોવધ થાય છે તે જગ્યાથી ચાર યોજન દૂર આપણી ધર્મદેવતાઓ નાસી જાય છે અને આપણી દેવતાઓ દેવમંદીર છોડે છે તે સબબ આપણી દેવતાઓ આપણી મનકામના કેમ પુરી કરી શકે અને તેજ કારણના લીધે પ્રતીવર્ષ પ્લેગ તથા મરકી તથા કૉલેરો આપણું પોતાનું ઘર કરી બેઠો છે અને લાખો માણસોનો જીવ કાબીજ કરે છે. માટે હે પ્રીય બંધુઓ હવે આપણો જગતપીતા જગદીશ્વરને પ્રસન્ન કરવાનો ઉપાય કરજો અને ઉપાય એકજ છે તે એજ કે ગોમાતાની સેવા તથા તેનું રક્ષણ કરવું એટલે ગોવધ ન થવા દેવો તે વીશે ઉપાયો યોજવા. જેથી શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થઈ સંસારમાંજ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ આ ચારોનું સુખ આપશે. ગોરક્ષા કરવાથી આપણી દોલત વધી જશે અને ગોલોક સ્વર્ગનું સુખ મળી અંતે પરબ્રહ્મ પરમેશ્વરનું દર્શન થશે.

આપણો શુભચિંતક ગોસેવક.
મુનશી નુરમહંમદ ફકીર.
જબલપૂર.

અકબર બાદશાહની આગળ ગાયની અરજ.

અકબર બાદશાહાએ **ઘંટાકચેરી** એ નામની એક જગા પોતાના રાજમેહેલની નજીક એકલાએજ પોતે રૈયતનો ન્યાય કરવા માટે કરી હતી. જેને ખરો ન્યાય મળ્યો ન હોય તેણે ત્યાં જઇ તેમાં એક ઘંટ બાંધ્યો હતો તે મધરાતે પણ ગમે તે વખતે જઇને વગાડવા માટે કોઇ પણ પ્રકારની હરકત ન હતી. તે ઘંટનો અવાજ બાદશાહે અને બીરબલે સાંભળ્યા બરોબર તુરતજ ત્યાંહાં જઈ અરજદારને ખરો ન્યાય આપવો એ અકબર રાજાનો મોટો નીયમ હતો પણ ત્યાં જઈ બાદશાહને ન્યાય કરવાનો વખત કોઇ પણ દાહાડે આવ્યો નહી. એનું કારણ એ હતું કે વકીલ બારીસ્ટરની પેટ ભરવાની યુક્તિ પ્રયુક્તિ ને સ્ટાંપ વિગેરે રાજાહિતના કરો (નફો) ન ગણકારતાં દુર ઉરાડી નાંખીને બાદશાહ

એટલોંજ વાદી પ્રતીવાદીનો ખરો ઈનસાફ જાતેજ કરશે અને ખોટો ન્યાય કરનાર ન્યાયાધિકારીને (ફોજદારાદિ નોકરને) મોટી ફાશીની પણ શિક્ષા આપશે એ ભય સઘળા નોકરોના મનમાં હમેશ રેહેતો હતો તેથી ઘંટાકચેરીની ગરજ કોઈ દહાડે કોઇને પડી ન હતી.

એક દિવસ એક એવો ચમત્કાર થયો કે એક ગાય ઘંટાકચેરીમાં જઇ તેમાંના ઘંટની દોરી પોતાના મોઢામાં ધરીને મોટા જોરથી ઘંટ વગાડતી ત્યાં ઊભી રહી. ઘંટનો અવાજ બાદશાહે તથા બીરબલે સાંભળતાંજ મોટી ઝડપથી બને જણા ત્યાં ગયા અને જોયું તો કોઇ માણસ ન હતું પણ એક ગાય તે ઘંટ વગાડતી ઊભી રહી હતી તેને જોઇને બાદશાહ કહે છે, હે દૂધ આપનારી મા તારી શી અરજ છે? તે મને કહે. તે વાત સાંભળીને બાદશાહના પુણ્યપ્રતાપથી મનુષ્યવાણીએ ગાય પોતાની અરજ બાદશાહ આગળ કરે છે.

॥ દોહા ॥

જો દંત ન તૃણ ધરે, સબલ પુનિતા હી ન મારે ॥
હમ નિશિદીન તૃણ ચરે, દીન હોયે બચન ઉચ્ચારે ॥
કટુક દુધ તુરકન દે, મધુરચ હિંદુ ન પાવે ॥
રાત દીન કે કાજકૂ, પૃથ્વીથંભન સુત પાવે ॥
જો મુવે તોબી ચામ સેવે ચરણ, ગો અરજ અકબરશાહ સુન ॥
અપરાધ કૌન સો કહીયે, હમ હલાલ કારણ કૌન ॥

એ **કવીતાનો ભાવાર્થ**—ગાય કહે છે—હે શ્રેષ્ઠ રાજા બાદશાહ તું ધર્મ, નીતિ, ન્યાય જાણે છે, અને દયાળુપણાથી આખી પ્રજાનું પિતાપ્રમાણે જો તું પાલણ કરે છે તો આ ગરીબ ગાયને ન્યાય આપજો. જો શત્રુ ઘણો અપરાધી છતાં પણ એક ક્ષણ મોમાં તણખલું ઘાલી પોતાને શરણે આવે તો તેને કોઈ પણ દાહાડે કોઇ મારતું નથી, અને હમે ગાય, ભેંસ વિગેરે ગરીબ ઢોર વગડામાં જઈ હમારૂં પેટ તણખલેજ ભરીએ છીએ. 'એટલુંજ નહીં' પણ હમને કાપી ખાનારા જે મ્લેચ્છ યવનો છે, તેને હમે કડવું દૂધ આપીએ છીએ, અને હમારી પુજા કરીને હમને સુખ આપનારા, અહીંસક હીંદુ છે તેને હમે ગળ્યું દુધ દઇએ છીએ એમ નથી. એ બેને નિષ્પક્ષપાત બુધ્ધિથી સમાન ગણીને માતા પ્રમાણે અમૃત સરખુંજ દુધ જીવતાં હોઇએ ત્યાંસૂધી આપીએ છીએ, તેઓ તે દુધના

પેંડા, આસુદી અને ઘી કરી ખાય છે અને આરોગ્ય રહી બલીષ્ટ થઈ સુખ ભોગવે છે. અને અમારા પુત્ર જે બળદ છે તે હળ, ગાડી અને માલ, તડકા, કાંટા, ખાડામાંથી તથા ટાઢ ને વરસાદમાં રાતદહાડે ભાર ખેંચી લઈને સર્વ મનુષ્યને અન્ન વસ્ત્રાદી બધાં સુખો આપવાને રોજ સાધન થાય છે, એટલુંજ નહીં પણ હમે મરી ગયાં તો પણ અમારૂં ચામડું મનુષ્યના પગને કાંટા કાંકરા ન લાગવા માટે જોડા કરવામાં અને દેવાલયમાં નગારાં વીગેરે વાદ્યો કરવાને કામમાં લાગે છે અને શીંગડાં, વાલ, ગોરોચન અને (બધાનો મળમૂત્ર અતિ નિંદ્ય છે પણ હમારા) મળમૂત્ર પણ મનુષ્યની સ્વચ્છતા અને આરોગ્યતા માટે રોજ ઘણું ઉપયોગી પડે છે. એટલા માટે હમારા જીવ સર્વ મનુષ્યોએ હરેક પ્રયત્ન કરી સુખી રાખવા એજ મનુષ્યનો ખરો ધરમ છે. તેમ છતાં પણ મ્લેચ્છ યવનો હમારી જુવાનીના સુખના દહાડામાંજ હમારાં નિરપરાધી ગળાં કાપીને ઘણાં દુઃખો આપે છે, અને દુર્ગંધયુક્ત હમારૂં માંસ વાઘની પેઠે કેમ ખાય છે? એ હમારી ગરીબ ગાયની અરજ જો ખરી હોય તો હે ન્યાયી રાજા હમારો પ્રાણ ઉગાર, નહીં તો હમારો જીવ લેવા જેવા હમારો કેવો ગુન્હો છે, તે કહે?

અકબર બાદશાહે એવી ગાયની અરજ સાંભળીને "હે ખુદાવંદ! હે ખુદાવંદ! મૈં ન્યાયી હોકર, બડા અન્યાયી રહ ગયાથા" એમ કહીને ઘણો દુઃખી થયો અને ઘણો ગભરાઈને મોટેથી રોવા લાગ્યો અને બોલ્યો કે આજ પછી કોઈ દહાડો કોઈ પણ ગાયને મારશે તેને ફાંશીની શિક્ષા કરીશ, અને ત્યારબાદ કાયદો કરી સઘળે ઠેકાણે જાહેર કર્યો.

ધાર્મીક તથા વૈદ્યક દ્રીષ્ટીથી ગોરક્ષણની આવશ્યકતા.

આ નીચે લખેલો લેખ વર્‍હાડના રેહેવાસી સુપ્રસીધ્ધ સાધુ શ્રીજ્ઞાનેશ્વર ભક્ત ગુલાબરાવ મહારાજાએ લખેલું છે. આ સાધુવર્ય મરાઠા જાતીના છે અને જનમથીજ અંધ છે પણ જ્ઞાનેશ્વર મહારાજના કૃપા પ્રસાદથી

અંતર ચક્ષુથી પ્રાચીન તથા અર્વાચીન શાસ્ત્રનું અધ્યયન કરયું છે. અમુક એક શાસ્ત્રમાં એમની ગતી નથી એવું નથી બધા શાસ્ત્રથી વાકબ છે. બાળપણમાં જ્ઞાનેશ્વર મહારાજાએ જ્ઞાનેશ્વરી લખી, તેમજ એકલા નામદેવ મહારાજાએ પ૪ાપપ કોટી અભંગ લખ્યા એ વાતો ખોટી અથવા અસંભવનીય છે એવું કોઈને ભાસતું હશે તો આ સાધુનું દર્શન એક વાર લીધાથી ખાત્રી થશે. આ સાધુ બોલતાં બોલતાં શેંકડો ઓંવીઓ તથા અભંગો તઈયાર કરે છે; આઠ વરશની ઊમરે આ સાધુએ વેદાંત ઊપર 'પ્રણવોપાસના' નામનો ગ્રંથ લખ્યો હતો. દરેક માણસે વેદની આજ્ઞાનુસાર આપણા વર્ણાશ્રમ ધર્મ પ્રમાણેં વર્તવું એવું આ સાધુવર્યનું મત છે. ગો-માતાની સેવા કરવી તથા તેને પુજ્ય માનવી એ એનું મુખ્ય કર્તવ્ય છે. ગો-માતાના ગો-ગ્રાસ સારૂં દરરોજ પોતે પાચ ઘેરે જઈને ભીક્ષા માંગે છે. જેના ઘેરે ગાય નથી અને જે ગો-રક્ષણને મદત કરતો નથી એવા માણશને પોતાનો શીષ્ય કરવા ઇચ્છતા નથી. શ્રીવલ્લભ સાંપ્રદાયનાં લોકોમાં ગો-રક્ષણ કરવા વીશે ઘણું પ્રેમ રેહે છે. અને શ્રીવલ્લભકુલ સાંપ્રદાયના લોકો પ્રમાણે જો સાધુસંત આપણા શીષ્ય વર્ગોને ઊપદેશ આપે કે ધર્મનું મુખ્ય કર્તવ્ય ગો-રક્ષણ છે એવું કહે અને તે પ્રમાણે લોકો વર્તે તો સહજમાં ઘણું કાર્ય થશે.

જે જે વીષયોમાં સાધુસંતોના વચનો પ્રમાણ સીદ્ધ છે તે તે વીષયો પરમેશ્વરનો માર્ગજ છે એવો વૈદીક ધર્મનો સીધ્ધાંત છે. એકાદ વસ્તુ મલીન હોય અથવા નીર્મલ હોય તેમાં પરમેશ્વરનું વાસ્તવ્ય નથી એવી એક પણ વસ્તુ નથી. પણ તે વસ્તુમાંથી વ્યક્ત કરી બતાવવું એ આપણા ધર્મની શ્રુતી માતાનેજ ખબર. સામાન્યરૂપથી નીર્ગુણ પરમેશ્વરનું અવતાર રૂપથી તથાં વીભુતી રૂપથી જ્યાં ત્યાં વસ્તી છે. દેવ, મનુષ્ય, તથા તીર્યક આ યોનીમાં પરમેશ્વરનાં અવતાર તથા વીભુતી સ્પષ્ટ નજરે પડે છે. અને એ આધારથીજ આપણો વૈદીક ધર્મ અત્યંત નીઃપક્ષપાતી છે. સર્વે વીશે પુજ્ય બુદ્ધિ, કીડી મુંગી જેવા સુક્ષ્મ પ્રાણી થકી તે થેટ ઊચ્ચ પ્રાણીઓ સુધી સર્વે પ્રાણીઓ પર ભુતદયા કરવાની બુદ્ધી એજ ધર્મથી ઊપજે છે. સર્વત્ર બ્રમ્હબુદ્ધી રાખવાવીશે

કેહેનાર જગત્ જનની ભગવતી શ્રુતી માતાના ઊપદેશ આગળ આપણુ પેટ ભરવા તથા નીર્દયતાથી માંસ ભક્ષણ કરી પુષ્ટ થનારા લોકોના વાકયની શી કીંમત છે કે 'Cow has not a soul' 'ગાઇને આત્મા નથી' ગો-માતાનું રક્ષણ કરવા વીશેના શ્રુતી તથા સ્મૃતીમા અનેક સીધ્ધાંતો છે તે વીશે પ્રસંગે ખુલાશો લખીશ. ગો-રક્ષણ કરવું એ વીશે હીંદુ તથા જૈન આ બે ધર્મના લોકોનું જેવું એક મત છે તેજ પ્રમાણે મુસલમાન ધર્મનાં લોકોનું પણ વીરૂધ્ધ મત છે એવું સમજવામાં આવતું નથી. કારણ મુસલમાન લોકોનાં જુબે કરવાનાં મંત્રમાં ગાઇનું નામ સાંભળવામાં આવતું નથી. તે મંત્ર નીચે લખેલો છે "નવીતો અન્ અરબારા કોતન્ દુમ્બન્ હલાલન્ તૈય્યબન્ સુન્નતન્ ખૈરૂલ ઈબ્રાઇલ બીસ્મિલ્લાહ અલ્લાંહુ અકબર" ઊપર લખેલા મંત્રમાં દુમ્મા નામની એક બકરાની જાત છે તે વીશે ખુલાસો છે. શ્રીમદ્ ભાગવતમાં યજ્ઞ કરતી વખતે હીંસા કરવી એમ લખ્યું છે તે હીંસા કરનારા લોકોને ઓછામાં ઓછો એટલે ઘણુંજ નીયમીત ખાવાવીશે જેમ આજ્ઞા છે તેજ પ્રમાણે મુસલમાની ધર્મની પણ આજ્ઞા હશે એવું જણાય છે. નહી તો દુમ્મા જાતના બકરા ઊપર આપત્તી લાવવી એટલે પ્રાણી સમજીને કોઈ વખતે માણસો ઊપર પણ આપત્તી આવવાનો સંભવ છે. બાબાસાહેબ શેખ મહંમદે હીંસા ન કરવા વીશે સ્પષ્ટ ખુલાસો કરયો છે. તેજ પ્રમાણે મુસલમાન ધર્મના શાસ્ત્રના આધારથીજ હીંસા ન કરવા વીશે કબીર તથા નાનક ગુરૂએ પણ કહયું છે.

વૈદ્ય શાસ્ત્રનો આધાર જોવાથી ખબર પડશે કે ગો-માતાનો અપમાન કરવાથી તથા તેની હીંસા કરવાથી ઘણા રોગો એ આપણાં દેશમાં કાયમનું વસ્તી સ્થાન કરયું છે. અતીસાર ચીકીત્સાધ્યાયમાં એવી કથા છે કઃ—

અગ્નીહોત્ર તથા આન્હીક ઇત્યાદી જેનું સંપુર્ણ થયું છે એવા સુખાસનસ્થ ભગવાન આત્રેય મુનીને અગ્નીવેશ મુનીએ વીનંતી કરી કે હે ભગવાન મને અતીસારનો ઊત્પત્તી કેમ થઇ તે કહો. ત્યારે ભગવાન આત્રેય મુનીએ કહયું કે સર્વ લોકોને જે પ્રકારની ઊત્પત્તી કહી છે તેજ

હું તમુને કહું છું તે સાંભળો. પ્રાચીનકાળે યજ્ઞમાં પશુની હીંસા કરવાની ચાલ હતી નહી પણ ઇક્ષ્વાકુ વીગેરે લોકોએ યજ્ઞમાં પશુની હીંસા કરવાની ચાલ સુરૂ કરી. ત્યાર પછી પૃષ્ઠધ્રએ લાંબા વખત સુધી એક યજ્ઞ ચલાવ્યું તે યજ્ઞમાં પશુ નહી મળવાથી ગાયનો વધ કરવા આરંભ કરયો તેથી સર્વે લોકો તથા પ્રાણીઓ ઊપર કૃપા કરનારી જગત માતાને લીધે બધા પ્રાણીઓનો જીવ વ્યાકુળ થવા મંડયો. ગાયનું માંસ અતીશય જડ, અવીહીત તથા અયોગ્ય રેહેવાથી પૃષ્ઠધ્ર રાજાના યજ્ઞમાંજ અતીસારની ઊત્પત્તી સુરૂ થઇ ત્યાં સુધી પૃથ્વી ઊપર અતીસાર રોગ કોઇને ખબર હતો નહી. એ વીશે 'સંપ્રદાય સુરતરૂ' ગ્રંથમાં ગુલાબરાય મહારાજાએ બહુ લખ્યું છે. અનેક રોગો ઊપર ગાયના શુધ્ધ દુધનો તથા ઘીનો તથા છાંછનો તથા દહીનો ઊપયોગ થાય છે. સોનું ગાયના શુધ્ધ દુધમાં ઘસીને પીવરાવીયે તો ક્ષય રોગ ઊપર અસર થાય છે. દહીં એકંદર વૈદ્યશાસ્ત્રમાં જડ છે એમ લખ્યું છે પણ ગાયનું દહીં સંગ્રહણી ઉપર અત્યંત ઉપયોગી છે. ગાયનું છાંછ અત્યંત ઉપયોગી છે અને હજારો દવા આપવાથી રોગ મટતો નથી પણ ગાયનું છાંછ પીવાથી સંગ્રહણી જેવો ભયંકર રોગ મટે છે એવું વૈદ્યશાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું છે. આપણા પાશ્ચાત્ય (યુરોપ વીગેરે ખંડના) લોકોને ગાયના છાંછનું મહત્વ સારીરીતે માલમ પડયું છે અને છાંછ પીધાથી નબળાઈ આવતી નથી એવા લેખ અંગ્રેજી વૈદ્યક માસીક પુસ્તકોમાં લખેલાં જોવામાં આવે છે. આ ગુણ ગાયના છાંછમાં વધારે છે. ગાયના ઘીનો ઉપયોગ નીરોગી તથા રોગી સ્થીતીમાં સરખોજ ગુણકારક છે. સારાંશ ધર્મતઃ અર્થતઃ અને કામતઃ ગાઈનું રક્ષણ કરવું એ આપણાં આર્ય લોકોનું પેહેલું કર્તવ્યકર્મ છે એવું મારા જાણવામાં આવે છે. દ્વૈત, વીશીષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, કેવલાદ્વૈત ઇત્યાદી વૈદીક મતમાં અનેક ભેદ છે તોપણ ગોરક્ષણ કરવાવીશે બધાનું મત એકજ છે તેમાં કોઇપણ ધર્મનો દ્વેષ નથી પણ કેવળ સ્વધર્મ પાલનજ છે. દયાળુ બ્રીટીશ સરકારે Animal Act–જેવો કાયદો પાસ કરયો છે તે કાયદાનું ઊલ્લંઘન ગાઇનો અપમાન કરનારા લોકોથી થાય છે તેથી સર્વ લોકોએ ધ્યાન ખેંચવું એ એમની ફરજ છે કારણ જે

ગોમાતા પોતાના વાછરડાને દુધ નહી આપતાં આપણા જેવા મનુષ્ય પુત્રને દુધ આપી રક્ષણ કરે છે તે ગોમાતાની ચરણ સેવામાં આપણું સતત આયુષ્ય ઉપયોગમાં ખરચ કરવું એ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે. એકનાથ સ્વામીએ લખ્યું છે કે આપત્કાલમાં ગોરક્ષણ કરવું એજ શ્રેષ્ઠ છે. ગાય તથા બ્રાહ્મણ એ વૈદીક ધર્મનો મુખ્ય પાયો છે, તથાપી સમયાનુસાર કલીયુગમાં બ્રાહ્મણ પોતાનાં ધર્મથી ભ્રષ્ટ થશે પણ ગોમાતા પોતાના ધર્મથી (દુધ આપશે નહી) ભ્રષ્ટ થશે એવું કયાંપણ લખ્યું નથી. તેથી વેદોક્તના અર્થ વીશે હટવાદ કરનારા લોકોએ બ્રાહ્મણ સાથે થોડો વીરોધ રાખવું એક વખત ચાલશે પણ ગોરક્ષણ વીશે તન મન ધન અર્પણ કરવા પ્રયત્ન કરવું એજ કર્તવ્ય છે. સારાંશ કોઇએપણ ગોમાતાનો ત્યાગ કરવો નહી. એવી મારા જેવા ગરીબની સર્વ લોકોના ચરણપાસે વિનંતી છે, અને શ્રીરણછોડજીના કૃપાથી એ વિનંતીનો સ્વીકાર કરશો એવી આશા છે.

મી. આશો સુદર, ગરોળ શકે ૧૮૨૫. | ગુલાબરાવ ગુંડાજી મોહોડ, મુકદમ
માધાન હાલ વસ્તી સરદારગૃહ, મુંબઈ.

ગો-માતાની અરજ

પદ (ગીરધારીરે વાત કહું છું)

અહો આર્ય તમે નહિ ભુલતાં ગાઇને ॥
આવી દીન દશા બહુ હમુને ॥ ધ્રુ૦ ॥
નથી મળતોરે ચારો પેટ ભરીને ॥
રખડીએ લાચાર થઇને ॥ ચાલ ॥
જ્યાં ત્યાં પછવાડે લાગીને ॥ પીઠપર કાઠી મારીને ॥
લઇ જાયે છે ખેંચી બાંધી શિંગડાને ॥
નથી આવતી કરૂણા કોઇને ॥ ૧ ॥ અહો આર્ય ॥
ઘી દુધ દહીં આપીયે સકલ જનોને ॥
સાંભળો મારી વિનંતીને ॥ વાણી નથી બોલવા હમુને ॥
કર્ણથી શુંણો હુંબરડાને ॥ છીયે માતાસમ હમે સર્વ હિંદુને ॥
કયાં ગઇ ત્યજી દયા તમુને ॥ ૨ ॥ અહો આર્ય ॥

ગોરક્ષણની પેટીઓ રાખવાવીશે વીનંતી.

મોટાં મોટાં સેઠીયાઓ તથા વેપારીઓ તથા દુકાનદારો તથા સભ્ય ગૃહસ્થો પાસે એવી વીનંતી છે કે જો પ્રત્યેક માણુશે ખરાં અંતઃકરણથી ગો-માતાની સેવાનો ભાગ લઇ આ સંસ્થાને મદત કરશો તથા આ સંસ્થા તરફથી ગો-રક્ષણની પેટી મંગાવી તેમાં આપણી દર-રોજની ઊપજમાંથી અથવા વકરાંમાંથી દર રૂપીએ ઓછામાં ઓછી એક પાઈ પ્રમાણેં જો ગો-રક્ષણની પેટીમાં સાંચવવાનો પ્રયત્ન કરશો તો ગો-માતાને રોજનો ગો-ગ્રાસ આપવાનું પુણ્ય મળશે તથા તેના કાયમના ચારાની તજવીજ થશે. તે શીવાય હસ્તેં પરહસ્તેં આપણા ઈષ્ટમીત્ર પાસેથી શક્ય તેટલી મદત કરવાની કોઇ ગો-ભક્તની ઇચ્છા થતી હોય તો આ સંસ્થા તરફથી આશ્રય દાતાઓને ઊદાર દેણગી આપવાનો છાપેલો ફાર્મ મંગાવી તેમાં આપણા સ્નેહી તથા ઓળખીતાઓ પાશેથી એમની શ્રધ્ધા પ્રમાણે દેણગીની ટીપ કરી મોકલશો તો પણ ગો-માતાની સેવાનું પુણ્ય મળશે. માટે જરૂર જરૂર આ સંસ્થા તરફથી એક એક ફાર્મ મંગાવી ઊદાર આશ્રયદાતાઓનાં નામ તથા દેણગી નોંધાવી વસુલ કરી મોકલશો એવી વીનંતી છે. ફાર્મ મંગાવવો હોય ત્યારે પોતાનો ધંદો તથા પુર્ણ ઠેકાણું વીગેરે લખી જણાવવાથી તેમના સરનામે મોકલી આપશું એજ વીનંતી.

જીવદયાના હિમાયતી જૈન તેમજ જૈનેતર ભાઈ-બ્હેનોને પ્રસ્તાવિક બે બોલ.

" ડહાપણ ભરેલી રીતે દયામય ધર્મ કહેલો છે."

" સર્વ જીવોને આત્મ સમાન લેખનારજ જ્ઞાની ગણાય છે."

" કોઈ પણ જીવની હિંસાથી વિરમવું જોઇએ."

" શુધ્ધ ભાવથી દયાનું સેવન કરનાર સુસંયમવંત કર્મબંધ કરતા નથી."

પ્રિય ભાઈ બ્હેનો ! તમે અનેક માંગલિક દિવસોમાં વિશેષે કરી દીન-દુઃખી-અનાથ પશુ પંખીઓનાં દુઃખ દીલમાં ધરીને તેમને ગમે તે રીતે તેમનાં દુઃખમાંથી મુક્ત કરવા-કરાવવા તજવીજ કરો છો. તમારે ત્યાં પુત્રાદિકનો જન્મ થયો હોય છે, અથવા લગ્નાદિક શુભ પ્રસંગ આવે છે ત્યારે તેમજ પર્યુષણાદિક મહા પર્વો જેવા માંગલિક પ્રસંગો ઉપર તમે ઉત્તમ કૂળનો આચાર માની અથવા પવિત્ર ધર્મનું ફરમાન લેખી દુઃખી જાનવરોનો જાન બચાવવા તેમજ તમારા દુઃખી માનવ બંધુઓને બનતી સહાય આપી સુખી કરવા કંઇ ને કંઇ પ્રયત્ન સેવોછો. એ તમારો પ્રયત્ન જો અધિક વિવેક પૂર્વક પ્રયોજાય તો તે સફળતાને પામે એવી બુધ્ધિથી પ્રેરાઇને અત્ર પ્રસંગોપાત બે બોલ તમોને નિવેદન કરૂંછું, તે તમારા લક્ષમાં લહી જેમ સ્વપરનું અધિક હિત સચવાય તેમ કરવા શુદ્ધ દીલથી તમે તથા તમારા સંબધીયો પ્રયત્ન સેવશો.

વ્હાલાઓ ! તમે દયાળુ છો અને અમુક શુભ-માંગલિક પ્રસંગો ઉપર અવશ્ય દીન-દુઃખી-અનાથ પશુ પંખીયો વિગેરેનાં દુઃખ ટાળવા દ્રવ્યાદિક ખર્ચીને પણ કાળજી રાખોછો એમ સમજી કેટલાક અનાર્ય-નીચ-નિર્દય સ્વભાવના લોકો જેવા કે વાઘરી, કોળી તેમજ કસાઈ વિગેરે અનાથ પશુ પંખીયોને ગમે ત્યાંથી ક્રૂર રીતે જાળ નાંખીને કે બીજી લાલચ બતાવીને કે થોડાક પૈસા પણ ખર્ચીને પકડી લાવી તમારી નજર આગળ ખડાં કરેછે અથવા બજારમાં વેચવા માટે ખુલ્લાં મૂકેછે અથવા તેમના ઘર આગળ એકઠા કરે છે. અને તમારા ભોળા દયાળુ સ્વભાવનો લાભ લહી તે અનાથ નિરપરાધી પશુ પંખીયોનાં મનગમતાં દામ માગે છે. તમે તમારા ભોળા દયાળુ સ્વભાવથીજ તેવા નિર્દય લોકોને મનગમતાં (મોં માગ્યાં) દામ આપી તે ક્રૂર લોકોએ આણેલાં પશુ પંખીયોને છોડાવી પોતાને કૃતાર્થ લેખોછો. જોકે આથી એ અનાથ પશુ પંખીયોને ક્ષણભર આશ્વાસન મળે છે ખરૂં, પણ પ્હેલા નીચ નિર્દય દીલના લોકોએ ઉપજાવેલા પૈસાનો કેવો ગેરઉપયોગ કરે છે કે કરશે તેનો વિચાર સરખો પણ આપણા ભોળા સ્વભાવના બંધુઓ ભાગ્યેજ કરેછે અને તેથી પરિણામે જે મહા અનર્થની પરંપરા ચાલી જાયછે તેના કારણિક કેટલાક અંશે આપણા ભોળા સ્વભાવના દયાળુ બંધુઓ જ બનતા હોય એમ

જણાય છે, પ્હેલા નીચ નિર્દય લોકો પોતે મારફાડ કરીને કે થોડાક પૈસા ખર્ચીને આણેલા એ અનાથ જાનવરોનું વખત વર્તીને-ગરજ સમજીને પુષ્કળ દ્રવ્ય લહી વેચાણ કરે છે અને એજ દ્રવ્યથી પાછાં એવા ને એવા અનાથ જાનવરો-પશુ પંખીઓને ઘણા મ્હોટા પ્રમાણમાં (સંખ્યાબંધ) ખરીદીને કે ગમે તેવી નિર્દય રીતે જાળો વિગેરે નાંખીને પકડી લાવેછે અને પોતાનો એ નીચ ધંધો ધમધોકાર ચલાવી અનાથ પ્રાણીયોને અનેક રીતે ત્રાસ આપતાં ત્રાય ત્રાય પોકરાવે છે. આ મુદ્દાની બાબત ઉપર દયાળુ ભાઇ બ્હેનોએ બહુ બહુ વિચાર કરી જેમ દુ:ખી અનાથ પ્રાણીયો ઉપર આપણી ગેરસમજને લીધે નિર્દય લોકો તરફથી ગુજરતું ઘાતકીપણું અટકે અથવા ઓછું થાય તેમ વિવેકથી વર્તવાની જરૂર છે. અનાયાસે આપણા શરણે આવી ચઢેલા દીન-દુ:ખી અનાથ પ્રાણીઓનું આત્મભોગ આપીને રક્ષણ કરવું એ આપણી ફરજ છે ખરી; પણ જે નીચ-નિર્દય સ્વભાવના લોકો જાણી જોઇને આપણા ભોળપણનો લાભ લઇ આપણી પાસેથી મનમાનતા પૈસા ઓકાવી પોતાનો ઘાતકી ધંધો વધારતા જતા હોય તેમને કરગરીને અને મોં માગ્યા પૈસા આપી તેમણે જાણી જોઇને (ઇરાદા પૂર્વક) આપણી નજરે આણી રાખેલાં જાનવરોને છોડાવવા કરતાં તેનો વધારે વ્યાજવી (ન્યાય વાળો) રસ્તો લહી જે ઘાતકી લોકો આપણી ધર્મ-લાગણી જાણી જોઇને દુહવતા હોય તેમને કાયદાની રૂયે નસીયત પહોંચાડી તે અનાથ જાનવરો આપણા કબજે કરી લેવા અથવા તેમની ઉપર નાહક ગુજરતું ઘાતકીપણું જ અટકાવવું એ વધારે ઉચિત જણાય છે, તેમજ કસાઈ લોકોને જે કોઇ જાનવરો વેચતા હોય તેમનેજ તેમ કરતાં સમજણ આપીને અટકાવવા, અથવાં તો તે અનાથ જાનવરોને પરભાર્યાં જ યોગ્ય. કિંમતથી ખરિદી લેવા ઉચિત છે. એ રીતે જાનવરોને મારતાં અટકાવી તેમને પોતાના કબજે કરી કેવી માવજતથી સાંચવવા જોઇએ એ પણ ઓછી અગત્યની વાત નથી. આવા અનાથ જાનવરોને આપણી બેદરકારીથી કેદખાનાનો જેમ પાંજરાપોળ જેવાં મકાનમાં કશી સગવડ કર્યા વગર ગોંધી રાખવાં જોઇએ નહિં, કેટલાંક એવા સ્થાનોમાં તે બાપડાં અનાથ જાનવરો ગોંધાઇ ગોંધાઇને મરે છે અથવા તેમાના કોઇ સબળાં જાનવરોથી

નબળાં જાનવરોનો કચ્ચરઘાણ નિકળી જાય છે અથવા તો રીબાઇ રીબાઇને નાશ થાય છે તેમ ન જ થવું જોઇએ. એ કરતાં તો ઉક્ત જાનવરોને છૂટાં છવાયાં રાખવાં અથવા ફરવા દેવાં ઠીક ગણાય. હાલમાં આપણી ગણાતી પાંજરાપોળમાં અનાથ જાનવરોને ઘણો ત્રાસ મળે છે, એ જોઇને સહૃદય જનોને કમકમાટી છુટે છે. આ બાબી દેખરેખ રાખનાર-ઓની બેદરકારી બતાવે છે. તેઓ અમુક વેઠ જેવું કામ કરનારા અણઘડ નોકરો ઉપર એ કામ કરવાનું છોડી દે છે, અને પોતે તેની કશી સંભાળ લેતા નથી તેથી તે દુઃખી જાનવરોની કેવી અને કેટલી માવજત થઇ શકે છે એનો ખરો ખ્યાલ તો નજરે જોનારને જ વધારે આવે છે. આ ઉપરાંત અને આ કરતાં અત્યંત ઉપયોગી બાબત એ છે કે ગમે તેવા માંગલિક પ્રસંગો ઉપર પોતાના જે માનવ બાંધવો અને વિશેષે કરીને સાધર્મિક બંધુઓની સ્થિતિ કફોડી થયેલી જણાતી હોય તેમને યથા-યોગ્ય દાદ આપીને સહાયરૂપ થાવું જોઇએ. ગમે તેવા જાનવર કરતાં એક માનવ બંધુ અને એથી પણ એક જ સાધર્મી બંધુની જીંદગી વધારે કિંમતી છે. તેનું યથાયોગ્ય સહાયવડે રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે. એની જે અત્યારે બહુધા ઉપેક્ષા કરાતી જોવામાં આવે છે તે બહૂ ખેદકારક બીના છે. અત્યાર સુધીમાં આપણે દ્રવ્ય દયા (અનુકંપા) આશ્રી કહ્યું છે. એથી આગળ વધતાં કહેવું જોઇએ કે ભાગ્યશાળી જનોએ માંગલિક પ્રસંગો પામીને પોતાના માનવ બંધુ-ઓને અને તેમાં પણ વિશેષે કરીને પોતાના સાધર્મી બંધુઓને સમયો-ચિત વ્યવહારિક અને ધાર્મિક કેળવણી આપીને ઉધરવા યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ, કેટલાક ભોળા દીલના ઝનુની લોકો એવા માંગલિક પ્રસંગો ઉપર જોતજોતમાં જ્ઞાતિ જમણ વિગેરે કરી સેંકડો બલકે હજારો પૈસા ખર્ચી નાંખે છે ત્યારે તેવે પ્રસંગે પોતાના જાતિ બંધુઓ તેમજ ધર્મ બંધુઓ કંઇક તેવીજ સંગીન સહાય મેળવી પોતાનું ભવિષ્ય સુધારી શકે એવી યોજના કરી આપવાનું લક્ષ કોઇ વિરલાને જ હોય છે. છતાં એજ માર્ગ પ્રશંસાપાત્ર અને અનુકરણીય છે કે જેથી પોતાના માનવ બંધુઓનું તેમજ સાધર્મી બંધુઓનું જીવિત દ્રવ્ય ભાવથી સુધારી શકાય. આ છેલ્લું અતિ ઉપયોગી ઉપકારક કાર્ય પાર પાડવા માટે સમયના

ઓછી કીંમતે પોતાના જાનવરો વેચે છે અને તેમના પાસેથી કસાઇઓ વેચાતા લે છે તેનો અટકાવ કરવો એજ ખરૂં પુણ્ય અને શ્રેય છે. જે ગામમાં એવો બાજાર ભરતો હોય ત્યાંનાં દયાળુ લોકોને ખેડુતોના પાશેથી જાનવરો વેચાતા લેવાની વીનંતી કરવી અથવા હસ્તે પરહસ્તે મદદ કરવી તથા એવા અનાથ જાનવરોને ગામગામમાં આશ્રય સ્થાન (પાંજરાપોળ) તથા ખાવાપીવાનો બંદોબસ્ત કરવો અને તે ગામનાં તથા આજુ બાજુનાં ગામના ખેડુતો એ પોતાના જાનવરો કોઇને પણ નહી વેચતાં પાંજરાપોળમાં લાવી તેની યોગ્ય કીંમત લેવી. એવી ગોઠવણ કરશો તો કસાઈના હાથથી છોડવેલા જાનવરોને જે કીંમત અથવા પઇસો ખરચ કરો છો તેજ પઇસામાં ઘણાં જાનવરો છોડવવાનું શ્રેય મળશે.

આ માસીક પુસ્તક છપાવવાનો હેતુ.

આ માસીક પુસ્તક દરમાસે છપાવવાનો હેતુ એટલોજ છે કે 'અહીંસા પરમો ધર્મઃ' આ વાક્ય પ્રમાણે પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય કર્મ એજ છે કે જીવ ઊપર દયા કરવી તથા તેને સંકટમાંથી છોડાવવું તે વીશે જુદા જુદા માસીક પુસ્તકોમાં લખાયેલા લેખ તથા ગો-માતાનું મહાત્મ્ય તથા આપણા શાસ્ત્રમાં ગો-માતાની યોગ્યતા કેટલી છે તેની આપણા હીંદુ ભાઇઓને આ પુસ્તક દ્વારા સમજ પાડવી તથા જ્યાં ત્યાં એવાં ગરીબ જાનવરો ઊપર થતું ઘાતકી પણું અટકાવવું એજ છે. શ્રી વાંઇગામના મુળ રહીવાસી જે હાલ કેટલાક વર્ષથી કાશીક્ષેત્રમાં વસી રહયા છે તે મહાત્માએ આપણી આસાદીક તથા અધીકાર યુક્ત વાણીથી અજ્ઞ તથા મુઢ લોકોને અધર્મથી પરાવૃત્ત કરી સન્માર્ગે લગાડવાનું શ્રેય લીધું છે. અને રાત્રંદીવશ ઝટપટ કરી પોતાનો દેહ એજ કામમાં અર્પણ કરયું છે અને જેણે શ્રીક્ષેત્ર કાશી, ગ્વાલ્હેર, ઊજ્જની, જબલપુર, સાંગલી, ઊંબરજ, નરસોબાનીવાડી, શીરવળ, સાતારા વોગેરે ઠેકાણે ગોશાળા સ્થાપન કરી છે અને તે તે ગામના લોકોના તાબામાં એ ગોશાળા સોંપી તેની વ્યવસ્થા ગામના સભ્ય લોકોને સોંપી છે. તેજ મહાત્મા હરીભક્તીપરાયણ રા. રા. બાળકૃષ્ણ બોવા ચવંડેએ

શ્રીક્ષેત્ર વાંઇમાં ગો-શાળા સ્થાપી છે તેને કાયમના ફંડની જરૂર છે. ઉપર લખેલી સર્વ બાબતોની વિચાર કરી શ્રીવાંઇ ક્ષેત્ર રહિવાસી હરીભક્તીપરાયણ રા. બાળકૃષ્ણબુવા ચવંડેએ આપણું પોતાનું રેહેવાનું ઘર તોડીને ઘરના નીચેની જગ્યા ગો-શાળા બાંધવા આપી અને પોતાનું ધન અને દેહ ગો-માતાની સેવામાં અર્પણ કરી આજ સાત વર્ષ સુધી દરેક ઠેકાણે સુશ્રાવ્ય કીર્તન કરી પુણ્યશીલ અને ધર્માત્માઓના મદતથી આશરે અઢાર હજાર રૂપીઆનો ગો-શાળાની ઇમારત તથા કુવો તથા ટાંકીઓ તથા ગો-શાળાના મધ્યમ ભાગમાં શ્રીગોપાલકૃષ્ણનું મંદીર વિગેરેની તજવીજ કરી ગો-શાળા (પાંજરાપોળ) સ્થાપન કરી અડચણ દુર કરી છે. અને હાલ તે ગો-શાળામાં અનાથ તથા દુબળા તથા હિંસક લોકોના હાથમાંથી છોડવેલી ગાઇઓ તથા બળદોની સંખ્યા આશરે ત્રણશોની છે. પણ તેમના ચારાસારૂ કાયમનો ફંડ નથી, તેથી આજ ત્રણ વર્ષથી જ્યાં ગો-શાળા છે તેની આજુબાજુનાં ગામડાંમાં ગો-માતાનાં સેવકો ચારાની ભિક્ષા માંગી ચારો એકઠો કરીને ગાઇઓનું પોષણ કરે છે તથા હરીભક્તીપરાયણ બાળકૃષ્ણબુવા ચવંડે દરેક ગામમાં કીર્તન કરી તેમાં જે ઉત્પન્ન થાય છે તે સઘળી રકમ ગાઇના ચારા સારૂ મોકલે છે. અને પોતાનો ઉદરનિર્વાહ ભીક્ષા માંગીને કરે છે. જેનું હાલ મુંબઇમાં ચાતુર્માસ નિમીત્ત હરીકીર્તન ઠાકોરદ્વાર દત્તમંદીરમાં મુંબઇ ટાઇમ ૮ થી ૧૦ સુધી દરરોજ સરૂ થાય છે. માટે દયાળુ, પુણ્યવાન તથા ધર્મશીલ લોકો પાસે આવી વીનંતી છે કે દરેક ગાઇને દર માસે આશરે રૂપીઆ પાંચનો ચારો લાગે છે તે સારૂ કાયમના ફંડની જરૂર છે કે તે ફંડની રૂપીઆના વ્યાજમાં ચારાની પુરતી સગવડ થાય તે સારૂં દયાળુ લોકોએ ગો-માતાની સેવાનો ભાગ લઇ જે ફંડ એકત્ર થાય તે પોતાના હાથેજ કોઇ પણ પેઢી ઉપર અથવા બેંકમાં મુકવાની ગોઠવણ કરી તે ફંડના વ્યાજમાં ચારાની કાયમની સગવડ કરી આપવી એવી વારંવાર વીનંતી છે. જે દયાળુ ધર્માત્માઓ મદત કરવી હોય તેઓએ તસદી લઇ મુંબઇમાં ક્રાફર્ડ માર્કેટની પાસે જે સરદાર ગૃહ છે તેના માલીક અથવા રા. રા. બાળકૃષ્ણબોવા ચવંડે જે સરદાર ગૃહમાંજ ઊતરેલા છે તેમના પાસે આપવી અથવા દત્તમંદીરમાં હરીકીર્તનો થાય છે તે વખતે ત્યાં આપવી એવી વીનંતી છે.

...at Vaidya Brothers' Press, Thakurdwar, Bombay by Gaja...

Published by Anantdas Ramdas, Sardargriha, Bombay